Series ψYZXW

Set-4

Q.P. Code **09**

Roll No. | | | | | | | | |

Candidates must write the Q.P. Code on the title page of the answer-book.

# ગુજરાતી

# GUJARATI

*સમય સીમા : 3 કલાક* | *કુલ અંક : 80*

*Time allowed : 3 hours* | *Maximum Marks : 80*

- આ પ્રશ્નપત્રમાં **15** પાના છે તે તપાસી લેવું.
- આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તર-પુસ્તિકામાં અવશ્ય લખવાનો રહેશે.
- આ પ્રશ્નપત્રમાં **15** પ્રશ્નો છે તે તપાસી લેવું.
- **પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા ઉત્તર-પુસ્તિકામાં પ્રશ્ન સિરિયલ નંબર અચૂક લખવો.**
- આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. 10.15 કલાકે પ્રશ્નપત્ર આપવામાં આવશે. 10.15 કલાકે થી 10.30 સુધી વિદ્યાર્થીઓ માત્ર આ પ્રશ્નપત્ર વાંચશે અને આ સમયમાં ઉત્તર-પુસ્તિકામાં કોઈ ઉત્તર લખવા નહીં.

- Please check that this question paper contains **15** printed pages.
- Q.P. Code given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains **15** questions.
- **Please write down the Serial Number of the question in the answer-book before attempting it.**
- 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the candidates will read the question paper only and will not write any answer on the answer-book during this period.

*General Instructions :*

(i) *Question paper is divided into **Four** sections.*

(ii) *It has total **15** questions.*

(iii) ***Section A** : Advanced Reading Skill Question No. **1** to **3**.*

(iv) ***Section B** : Literature Question No. **4**.*

(v) ***Section C** : Applied Grammar Question No. **5** to **12**.*

(vi) ***Section D** : Effective Writing Skill Question No. **13** to **15**.*

(vii) *Attempt questions as per specific instructions.*

(viii) *Write questions no. in answer book before attempting it.*

***સામાન્ય સૂચનો :***

(i) *આ પ્રશ્નપત્રમાં **ચાર** વિભાગો છે.*

(ii) *પ્રશ્નપત્રમાં કુલ **15** પ્રશ્નો છે.*

(iii) ***પ્રથમ વિભાગ** : એડવાન્સ્ડ વાચન કૌશલ્ય છે જેમાં પ્રશ્ન **1** થી **3** છે.*

(iv) ***બીજો વિભાગ** : સાહિત્ય છે જેમાં પ્રશ્ન **4** છે.*

(v) ***ત્રીજો વિભાગ** : પ્રયોજિત વ્યાકરણ છે જેમાં પ્રશ્ન **5** થી **12** છે.*

(vi) ***ચોથો વિભાગ** : પ્રભાવક લેખન કૌશલ્ય છે જેમાં પ્રશ્ન **13** થી **15** છે.*

(vii) *વિશિષ્ટ સૂચનાઓ પ્રમાણે પ્રશ્નોના જવાબ આપો.*

(viii) *પ્રશ્નનો જવાબ આપતા પહેલા ઉત્તર-પુસ્તિકામાં પ્રશ્ન નંબર લખો.*

## SECTION – A
### (Advanced Reading Skill)

1. નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ પસંદ કરી લખો : $5 \times 1 = 5$

પ્રાણીમાત્ર તરફ સમભાવ, અનુકૂળ ભાવ રાખવો તે અહિંસા. મનુષ્ય જ નહિ પરંતુ પશુપક્ષી, કૃમિકીટ આદિ તમામ જીવો પ્રત્યે એ ભાવના કાયમ રહેવી જોઈએ. આપણા દેશમાં પશુપક્ષીઓને ન મારવાં અને બનતાં સુધી કૃમિકીટોને પણ બચાવી લેવાં એટલો જ અહિંસાનો અર્થ માનવામાં આવતો હતો. કોઈનું ખૂન કરવું એ તો હિંસા છે જ; પરંતુ કોઈ માણસના શ્રમનો અનુચિત લાભ ઉઠાવવો એ પણ હિંસા જ છે. દુનિયામાં ચાલતી સૌથી મોટી હિંસા એ છે. એમાંથી જ યુદ્ધ વગેરે હિંસાનાં ભયાનક રૂપો પ્રગટ થાય છે. પોતાનાં સુખ, આરામ અને ફાયદાને માટે બીજાનાં સુખ, આરામ અને હિત પ્રત્યે બેદરકાર બનવું એ છે રોજની હિંસા. એનાથી બચવા માટે રોજ પોતાના અંતરને ઢંઢોળીને જોવું જોઈએ કે મેં મારા કોઈ સાથી પ્રત્યે અનુદાર વર્તન તો નથી કર્યું ? એને કાચી રોટલી આપીને મેં પોતાને માટે પાકી રોટલી તો નથી લીધી ? પોતાની જાત ચોરીને બીજાના ઉપર કામનો બોજો તો નથી નાખ્યો ? પોતાના પાડોશીને બીમાર જોયા છતાંય તેની સેવાને માટે જવાનું મેં ટાળ્યું તો નથી ? આ બધાં હિંસાનાં લક્ષણ છે. જેટલા માણસોના સંબંધમાં આપણે આવીએ છીએ તેમના પ્રત્યે સ્વભાવથી નાજુક ખ્યાલ રાખવો એ અહિંસાનું સાચું સ્વરૂપ છે. પોતાના નિત્યના વર્તનમાં જો આપણે સ્વભાવથી જ અહિંસાનું પાલન કરતા રહીશું, તો જ કસોટીને વખતે આપણાથી અહિંસાનું પાલન થઈ શકશે.

**પ્રશ્નો :**

I. સામાન્ય માણસ અહિંસાનો શો અર્થ કરે છે ?

(A) પ્રાણીમાત્ર તરફ સમભાવ

(B) પ્રાણીમાત્ર તરફ અસમભાવ

(C) પ્રાણીમાત્ર તરફ અભાવ

(D) પ્રાણીમાત્ર તરફ દુર્લક્ષ

II. લેખકના મતે હિંસાનો શો અર્થ છે ?

(A) કૃમિકીટોને બચાવી લેવા

(B) પ્રાણીઓને ઉગારવા

(C) કોઈની મહેનતનો અયોગ્ય ફાયદો ઉઠાવવો

(D) કોઈને દિલથી મદદ કરવી

III. નિત્ય જીવનમાં માનવી ક્યાં-ક્યાં હિંસા કરી બેસે છે ?

(A) અન્યને કાચી રોટલી આપી, પોતે પાકી રોટલી લે.

(B) પોતાની ચોરીનું આળ બીજા પર નાખી દે.

(C) પોતાના સુખ-આરામ માટે બીજાને હેરાન કરવા.

(D) (A), (B) અને (C)

IV. 'અનુદાર વર્તન' એટલે કેવું વર્તન ?

(A) ઉદારતાવાળું (B) ખૂબ જ સારું

(C) ઉદારતા વિનાનું (D) મસ્ત મજાનું

V. 'કાળજી વિનાનું' માટે ગદ્યમાં કયો શબ્દ વપરાયો છે ?

(A) અનુચિત (B) બેદરકાર

(C) બીમાર (D) સમભાવ

2. નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ પસંદ કરી લખો : $6 \times 1 = 6$

સભ્યતા એટલે સભ્ય સમાજમાં ભળવાના ગુણો. એ ગુણો એટલે માત્ર પોશાકની ટાપટીપ કે વાણીની મીઠાશ જ નહિ, પણ વિચારોની અને વર્તનની મધુરતા અને ખાનદાની પણ ખરી. આપણે જ્યારે આપણી પોતાની જાતને કે આપણા પોતાના વિચારોને બીજાઓ પર પરાણે લાદતા અટકીએ અને સામા માણસની નાનામાં નાની લાગણીને પણ માન આપીએ ત્યારે આપણે સભ્ય બન્યા ગણાઈએ. આપણે સામાજિક પ્રાણી હોવાથી સમાજ વિના આપણને ચાલતું નથી; અને સમાજમાં ભળવું હોય તો આપણે પ્રિય થઈ પડીએ એવા ગુણો આપણે કેળવે જ છૂટકો. આપણે આપણા વડીલો પ્રત્યે અને

સમોવડિયા પ્રત્યે સભ્ય અવશ્ય બનીએ, પણ એમના પ્રત્યેની આપણી સભ્યતા સાચી સભ્યતા ન પણ હોય. એ તો કદાચ ભયમાંથી કે સ્વાર્થમાંથી પણ જન્મી હોય. આપણે આપણાંથી નાનેરાંઓ પ્રત્યે પણ જ્યારે સભ્ય રહી શકીએ ત્યારે જ આપણી સભ્યતા સાચી ગણાય. સાચી સભ્યતા ઘેર કે બહાર વડીલો પ્રત્યે, સર્વત્ર અને સર્વે સાથે એકસરખી જ મધુરતાવાળી હોય છે.

**પ્રશ્નો :**

I. સભ્યતા એટલે શું ?

(A) વિચારો અને વર્તનની મધુરતા

(B) ખાનદાની

(C) વાણીની કટુતા

(D) (A) અને (B)

II. આપણે સભ્ય બન્યા ક્યારે ગણાઈએ ?

(A) સારો પોશાક ધારણ કરીએ ત્યારે

(B) બીજાના વિચારોનો વિરોધ કરીએ ત્યારે

(C) અન્યની લાગણીને માન આપીએ ત્યારે

(D) આપણે સામાજિક પ્રાણી બનીએ ત્યારે

III. આપણી સભ્યતા સાચી ક્યારે ગણાય ?

(A) જ્યારે આપણે મોટેરાંઓને માન આપીએ ત્યારે

(B) જ્યારે આપણે મોટેરાંઓને માન ન આપીએ ત્યારે

(C) જ્યારે આપણે નાનેરાંઓને માન ન આપીએ ત્યારે

(D) જ્યારે આપણે નાનેરાંઓને માન આપીએ ત્યારે

IV. સાચી સભ્યતાની શી વિશેષતા છે ?

(A) તે સર્વત્ર મધુરતાવાળી હોય

(B) તે સર્વત્ર કઠોરતાવાળી હોય

(C) તે સર્વત્ર પ્રેમવાળી હોય

(D) તે સર્વત્ર નફરતવાળી હોય

V. વડીલો અને સમોવડિયા પ્રત્યેની સભ્યતા ઘણીવાર શેમાંથી જન્મે છે ?

(A) પરમાર્થમાંથી (B) સમાજમાંથી

(C) સ્વાર્થમાંથી (D) સભ્યતામાંથી

VI. 'પહેરવેશ' માટે ઉપરોક્ત ગદ્યમાં કયો શબ્દ પ્રયોજાયો છે ?

(A) વાણી (B) ટાપટીપ

(C) પોશાક (D) મધુરતા

3. નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ પસંદ કરી લખો : $5 \times 1 = 5$

આપણે આવળ બાવળ બોરડી,
કેસરઘોળ્યા ગલના ગોટા જી ;
હલકાં તો પારેવાંની પાંખથી
મ્હાદેવથીયે પણ મોટા જી.
આપણા ઘડવૈયા બાંધવ ! આપણે.

કોઈ તો રાચે છે વેળુછીપથી,
કોઈ તો જળને હિલ્લોળ જી ;
મરજીવો ઊતરે મ્હેરામણે,
માથા સાટે મોતી–મોલ જી.

નજરું ખૂંપી છે જેની ભોંયમાં,
સામે પૂર એ શું ધાય જી !
અધીરા ઘટડાનો ઘોડો થનગને,
અણદીઠ ઓરું એને પાય જી.

બેઠેલાનું બેઠું રહે વિમાસણે,

વેળા જુએ નહિ વાટ જી;

ઝાઝેરો ઝૂક્યો છે આંબો સાખથી,

વેડે તેને આવે હાથ જી.

પંડની પેટીમાં પારસ પડ્યો,

ફૂટલાં ફૂટે છે કરંમ જી;

વાવરી જાણે તે બડભાગિયો,

ઝળહળ એનાં રે ભવંન જી.

**પ્રશ્નો :**

I. માણસનો ભાગ્યવિધાતા કોણ છે ?

(A) સ્વયં (B) પારેવાં

(C) મરજીવો (D) ભાગ્ય

II. મરજીવો મોતી ક્યાંથી મેળવે છે ?

(A) સમુદ્ર (B) સાગર

(C) રત્નાકર (D) (A), (B) અને (C)

III. 'બેઠેલાનું બેઠું રહે વિમાસણે' એટલે ....

(A) જે બેઠાં છે એને નિરાંત છે. (B) જે બેઠાં છે એનું ભાગ્ય પણ બેઠું છે.

(C) જે બેઠાં છે તે નિરાશ્રિત છે. (D) જે બેઠાં છે એ જ ભાગ્યશાળી છે.

IV. કવિ બડભાગિયો કોને કહે છે ?

(A) જેને માત્ર જાતમાં શ્રદ્ધા છે. (B) જેને પરમાં શ્રદ્ધા છે.

(C) જેને માત્ર ભગવાનમાં શ્રદ્ધા છે. (D) જે શ્રદ્ધાહીન છે.

V. "વેળુ" શબ્દનો શો અર્થ થાય ?

(A) જળ　　(B) મોતી

(C) રેતી　　(D) મરજીવો

## SECTION – B

## (Literature)

4. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ શોધીને લખો : $8 \times 1 = 8$

I. 'જીવન અંજલિ થાજો' કાવ્યના કવિ પોતાના ચરણોને ક્યાં લઈ જવા ઇચ્છે છે ?

(A) ભોજન તરફ　　(B) ભૂખ્યા તરફ

(C) ભૂધર તરફ　　(D) ભૂતળ તરફ

II. 'તે બેસે અહીં' કાવ્યના કવિનું નામ જણાવો.

(A) પન્ના નાયક　　(B) સ્નેહી પરમાર

(C) નિરંજન ભગત　　(D) હરિકૃષ્ણ પાઠક

III. 'ટિફિન' કૃતિમાં ગાય માટે ક્યો શબ્દ પ્રયોજાયો છે ?

(A) કામધેનુ　　(B) માતા

(C) કાળવી　　(D) ગોરવી

IV. સર અમલ દેરાસરીના બંગલાના ઓરડાના ખૂણાઓની ઘોડીઓમાં શું ગોઠવેલું હતું ?

(A) પુસ્તકો　　(B) અંગ્રેજી પૂતળાં

(C) ફૂલો　　(D) ગ્રીક પૂતળાં

V. 'પ્રયાણ' પાઠમાં બીજા ઉતારુના મતે 'પ્રાણવાયુ' ક્યાં ભરેલો હોય છે ?

(A) નાસકનાં કઠોડાંમાં　　(B) કોઠાં જેવી દાબડીમાં

(C) કઠોડાની દાબડીમાં　　(D) કમરખ જેવી દાબડીમાં

VI. પ્રથમ હાઇકુમાં તળાવ કેવી રીતે જાગી ગયું ?

(A) તેમાં કાંકરો નાંખતા　　(B) પંખીની ચાંચથી

(C) સૂર્યના પ્રકાશથી　　(D) પાણીના અવાજથી

VII. કાનાના પુત્ર પમાના લગ્ન ફોક કરાવવા પોર્ટુગીઝ પાદરીઓએ કોનો સહારો લીધો ?

(A) સમાજનો (B) પંચાયતનો

(C) અદાલતનો (D) ચર્ચનો

VIII. વ્હાલો થનક થનક થઇ ક્યાં નાચે છે ?

(A) કુંજગલીમાં (B) મથુરામાં

(C) જીવનમાં (D) ગગનમાં

## SECTION – C

## (Applied Grammar)

5. નીચે આપેલા રૂઢિપ્રયોગના સાચા અર્થ શોધીને લખો : (કોઈપણ **ચાર**) $4 \times 1 = 4$

I. હાથ ઘસતા રહી જવું

(A) હાથને બરાબર ધોવા (B) હારી જવું

(C) હાથને માથે ઘસવા (D) દુ:ખ થવું

II. ગળગળું થઇ જવું

(A) ગળામાં દુ:ખવું (B) ગુસ્સો આવવો

(C) રડુંરડું થઇ જવું (D) બોલબોલ કરવું

III. આંખ ઊઘડવી

(A) જાગવું (B) સાવધાન થઇ જવું

(C) સતેજ થઇ જવું (D) (A), (B) અને (C)

IV. જમીન-આસમાન એક કરવા

(A) નકામી વાતો કરવી (B) ખૂબ પ્રયત્ન કરવા

(C) થાકીને લોથપોથ થઇ જવું (D) નાશ પામવું

V. આંગળાં કરડવાં

(A) બચકું ભરવું (B) સ્વાદ લાગવો

(C) ખૂબ સ્વાદિષ્ટ લાગવું (D) આંગળાં ખવાઈ જવા

6. નીચે આપેલા શબ્દસમૂહ માટે **એક** શબ્દ પસંદ કરીને લખો : (કોઈપણ **ચાર**) $4 \times 1 = 4$

I. પાણીમાં ઉત્પન્ન થતાં વલયો

(A) સ્પંદન (B) વમળ

(C) કમળ (D) છીપ

II. તુલસીથી ભરેલું વન

(A) તુલસીપત્ર (B) જાંબુવન

(C) વૃંદાવન (D) કૃષ્ણવન

III. કામ કઢાવી લેવાની કળા

(A) કારીગરી (B) કુનેહ

(C) કુસ્નેહ (D) વમળ

IV. જાણવાની ઈચ્છા

(A) જિજ્ઞાસા (B) જાણભેદુ

(C) જાણતલ (D) જિસાજ્ઞા

V. કહી ન શકાય તેવું

(A) પછીત (B) અકથ્ય

(C) અસહ્ય (D) અકહ્યું

7. સૂચના મુજબ કરો : (કોઈપણ **ચાર**) $4 \times 1 = 4$

I. નીચેનામાંથી સમાનાર્થીનું કયુ જોડકું યોગ્ય નથી ?

(A) સત્તા : હક (B) હાથ : હસ્ત

(C) કીર્તિ : ખ્યાતિ (D) ધન : સંપત્તિ

II. નીચેનામાંથી સમાનાર્થીનું કયુ જોડકું ઉચિત નથી ?

(A) રસ્તો : પથ (B) ગાલીચો : જાજમ

(C) મન : અંતર (D) કેન્દ્ર : પરીક્ષા

III. 'મર્દન' શબ્દનો સમાનાર્થી શબ્દ લખો.

(A) ભ્રમ (B) ચોળવું

(C) છંછેડવું (D) ત્વરિત

IV. નીચે વિરોધી જોડકાં આપ્યાં છે, તેમાં કયું જોડકું ઉચિત નથી ?

(A) જય × પરાજય (B) રક્ષણ × ભક્ષણ

(C) અજ્ઞ × વિઘ્ન (D) ધર્મ × અધર્મ

V. નીચે વિરોધી જોડકાં આપ્યાં છે. તેમાં કયું જોડકું યોગ્ય નથી ?

(A) અજાણ્યાં × એકલાં (B) આવડત × અનાવડત

(C) કીર્તિ × અપકીર્તિ (D) સારું × નઠારું

8. સૂચના મુજબ કરો : (કોઈપણ **ચાર**) $4 \times 1 = 4$

I. અનુગ ઓળખો : 'તું તારા દિલનો દીવો થા.'

(A) તું (B) નો

(C) થા (D) તારા

II. રેખાંકિત અનુગની જગ્યાએ નામયોગી વાપરો. : 'જ્ઞાન<u>માં</u> કોઈનો ઈજારો ન હોવો જોઈએ.'

(A) વડ (B) ઉપર

(C) માફક (D) દ્વારા

III. અનુગ ઓળખો : 'તમે આખો દિવસ વાંસળીને હાથમાં રમાડો.'

(A) ને (B) એ

(C) તમે (D) હાથ

IV. વ્યાકરણ અને લેખનરૂઢિને આધારે નીચેનામાંથી કયુ વાક્ય ઉચિત છે ?

(A) તેણે રણમાં પીઠ બતાવી. (B) તેણે રણમાં પીઢ બતાવી.

(C) તેણે રણમાં પીટ બતાવી. (D) તેણે રણમાં પીડ બતાવી.

V. વ્યાકરણ અને લેખનરૂઢિને આધારે નીચેનામાંથી કયુ વાક્ય ઉચિત નથી ?

(A) ચોરી કરીને પાસ થવા કરતાં નાપાસ થવામાં વધારે પ્રતિષ્ઠા છે.

(B) ચોરી કરીને પાસ થવું એના કરતાં નાપાસ થવું સારું.

(C) ચોરી કરીને પાસ થવા કરતાં નાપાસ થવામાં વધારે પ્રતિષ્ઠા છે.

(D) ચોરી કરીને પાસ થવું એના કરતાં નાપાસ થવું એ વધારે સારું ગણાય.

## (વર્ણનાત્મક પ્રશ્નો)

9. નીચેની કાવ્યપંક્તિ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો : (કોઈપણ **બે**) $2 \times 1 = 2$

મારે કશાનું કામ ના,

ખાલી તમારો હાથ....

ખાલી તમારો હાથ ?

ના, ના આપણા આ બેય ખાલી હાથમાંયે કેટલું છે ?

આપણા આ હાથમાં ઉષ્મા અને થડકો –

અરે, એના વડે આવો, પરસ્પરનાં હૃદયનો ભાવ ભેળવીએ.

I. કવિ ખાલી હાથમાં શું સમાયેલું જણાવે છે ?

II. ‘હાથ’ અને ‘હૃદય’ શબ્દના સમાનાર્થી શબ્દો જણાવો.

III. કવિ ‘હાથ મેળવીએ’ દ્વારા શું ભેળવવાની વાત કરે છે ?

10. નીચે આપેલા પ્રશ્નોના **બે-ત્રણ** વાક્યોમાં જવાબ લખો : (કોઈપણ **ચાર**) $4 \times 2 = 8$

I. 'તે બેસે અહીં' કાવ્યમાં બીજાના દુ:ખે દુ:ખી થવાની સંવેદનાને કવિ શું કહીને સમજાવે છે ?

II. 'દીવાનખાનામાં' કાવ્યના અંતે નાયિકા કેવી મનોદશા અનુભવે છે ?

III. કૃષ્ણ ક્યાં અને કેવી રીતે નાચે છે ?

IV. 'હાથ મેળવીએ' કાવ્યમાં કવિનો કયો ભાવ પ્રગટ થાય છે ?

V. 'જીવન અંજલિ થાજો' કાવ્યના કવિએ જગતના ઝેર સામે અમૃત પાવાની વાત કેમ કરી છે ?

11. નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો : (કોઈપણ **ત્રણ**) $3 \times 1 = 3$

ઘરનું દેશી બિલાડીઓનું વૃંદ ખાઈપીને માતેલું થયેલું, ઘરનો અને આસપાસનો ખૂણેખૂણો જાણે. એમની તો દાદાગીરી ચાલે. આ ત્રણ તો મુંબઈગરાં સોફિસ્ટિકેટેડ. દૂધ બિસ્કિટ અને ઈંડાં ખાય. ખાવાનું ઘડિયાળને કાંટે, ને કુદરતી હાજત માટે માટીવાળો ટોપલો. એમાંયે કોઈ વાર ન ફાવે તો બાથરૂમમાં ભરાઈ ખાળ પર બેસી આવે એવાં સાફસૂથરાં ! ખાટલા પર આપણી આસપાસ પથરાઈને ઊંઘવા જોઈએ. ખાવાની રકાબીમાં વાસ ન આવવી જોઈએ. ભારે નખરાં એમનાં તો. અમેય ક્યાં આજ દિન સુધી આવી બિલાડી જોઈ હતી !

આ પછી તો રોજ સાંજે ઘેર આવતાં મને પાંખો ફૂટતી. ઓરડામાં પેસી બારણું બંધ કરી પહેલાં ખાણીપીણી ચાલે. પછી અગાશીમાં સીધી પહોંચે અમારી મંડળી. નારંગી ઉજાસમાં કાળા રેશમી આકાર ઊછળતા, કૂદતા મસ્તીએ ચડે. અગાશીમાં એક તરફ નાળિયેરીમાં પાન ઝળૂંબે. થિયોડોર એ પાનને વળગી સમતુલાના ભાતભાતના ખેલ દેખાડી ચકિત કરી દેતો અમને. મેબલ અને રાશેલ બનાવટી શિકારીની રમતો રમે, નાનાં અમથાં પાન કે ઠળિયા પાછળ દોડીદોડીને ગાંડા થાય. અંધારાથી આખી અગાશી ચસોચસ ભરાઈ જાય તો યે હું નીચે જવાનું નામ લેતી નહિ, કયા ખૂણામાં કોની આંખોનાં રત્ન એનું અનુમાન બાંધતી બેસી રહેતી. કોઈ ખૂણે સ્થિર ઝળહળતી કે ક્યારેક તીરઝડપે ભાગતી તણખા શી આંખો જ સાહેદી પૂરે એ ત્રણની હાજરીથી, બાકી તો કાળામાં કાળું.

I. મેબલ અને રાશેલ અગાશીમાં શું કરતાં ?

II. દેશી બિલાડીઓનું ટોળું કેવું થયેલું ?

III. થિયોડોર, મેબલ ને રાશેલના કેવાં નખરાં રહેતાં ?

IV. થિયોડોર કેવા ખેલ દેખાડતો ?

12. નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો : (કોઈપણ **ત્રણ**) 3 × 3 = 9

I. ‘જેઠીબાઈ’નું પાત્રાલેખન કરો.

II. ‘ટિફિન’ લઘુકથામાં અમથી માનો પશુ પ્રત્યેનો પ્રેમ વર્ણવો.

III. ‘સામગ્રી તો સમાજની છે ને !’ પાઠમાં સિક્યોરિટી ઑફિસરે લેખક અને તેમના મિત્રોને શું સમજાવ્યું ?

IV. ‘દીપકના પિતાનું હૃદયપરિવર્તન’ તમારા શબ્દોમાં લખો.

V. ‘સૂરજ તો બધે જ સરખો’ પાઠના લેખક આખરે ક્યાંય ન જવા માટે કેમ વિચારે છે ?

## SECTION – D

## (Effective Writing Skill)

13. નીચે આપેલા મુદ્દા પરથી કોઈપણ **એક** વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધલેખન કરો : 7

I. **એક યાત્રાધામની મુલાકાતે**

પ્રસ્તાવના – સૌરાષ્ટ્ર પ્રવાસ – મંદિરનું વર્ણન – દર્શન – અન્ય તીર્થસ્થાનોનું વર્ણન – નવીન અનુભવ – ઉપસંહાર.

II. **માતૃભાષામાં શિક્ષણ**

પ્રસ્તાવના – માતૃભાષાનો અર્થ – ગુજરાતીનો મહિમા – હૃદયની ભાષા – માતૃભાષા પ્રેમી દેશો – અંગ્રેજી માધ્યમની મર્યાદા – ઉપસંહાર.

III. **પરિશ્રમ એ જ પરમેશ્વર**

પ્રસ્તાવના – પરિશ્રમનો મહિમા – શાળાઓમાં શ્રમનું ગૌરવ – શિક્ષિત સમાજની વૃત્તિ – વિદેશોમાં શ્રમનું ગૌરવ – મહાપુરુષોનો શ્રમયજ્ઞ – ઉપસંહાર.

14. નીચે આપેલા મુદ્દા પરથી બોધ અને શીર્ષક સાથે વાર્તાલેખન કરો : 6

ભગવાન રામ – વાનરસેનાની મદદ – સમુદ્ર પર સેતુ – હજારો વાનર – દિવસ રાત કામ ચાલે – ભગવાન રામ બધું જુએ – પોતે પણ એક પથ્થર લાવ્યા – સમુદ્રમાં ડૂબી ગયો – બીજી વાર પ્રયત્ન – ફરીવાર ડૂબી ગયો – ભગવાન રામને આશ્ચર્ય – બાજુમાં ઊભેલા હનુમાનજી હસવા લાગ્યા અને બોલ્યા : 'જેને રામ છોડે તેને કોણ તારે ?' – બોધ.

15. આપ અબક, 45, 'મોરપિચ્છ', સૌજન્ય ટેનામેન્ટ, રાજકોટમાં રહો છો. તમારા વિસ્તારમાં ચોમાસા દરમિયાન રસ્તા ઠેરઠેર તૂટી ગયા છે. તેના લીધે અકસ્માતનો ભય રહે છે. આ રસ્તાનું સમારકામ કરાવી આપવા માટે નગરપાલિકના પ્રમુખશ્રીને અરજી લખો. 5

**અથવા**

"રાષ્ટ્રીય એકતા" વિષય પર સચિત્ર જાહેરાત તૈયાર કરો.